# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી – જુનાગઢ
## એલએલ.બી./એલએલ.એમ. મધ્યસ્થ પ્રવેશ સમિતિ

જા.ક્ર :ભીકિએનએમયુ/એલએલ.બી.એલએલ.એમ.મ.પ્ર.સમિતિ/૧૨ /૨૦૨૪-૨૫ તા. ૨૫/૦૬/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી/ટ્રસ્ટીશ્રી,
દરેક એલએલ.એમ. પી.જી.સેન્ટરો,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી, જુનાગઢ.

વિષય : GCAS પોર્ટલ ઉપર વિદ્યાર્થીઓને એડમિશન પ્રક્રિયા કરાવવા બાબતે.

ઉપરોક્ત વિષય અન્વયે આપને જણાવવાનું કે, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી, જુનાગઢ સંલગ્ન ચાલતા દરેક એલએલ.એમ. પીજી સેન્ટરોનું GCAS પોર્ટલ ઉપર વિદ્યાર્થીઓની ફાળવણી એલએલ.બી./એલએલ.એમ. મધ્યસ્થ પ્રવેશ સમિતિ દ્વારા કરવામાં આવેલ છે. તો જે કોલેજો એ GCAS પોર્ટલ ઉપર જુના ઓફર લેટર ડાઉનલોડ કરેલા હશે તેને રદ કરીને નવા ઓફર લેટર તા.૨૫/૦૬/૨૦૨૪ થી ૨૯/૦૬/૨૦૨૪ સુધી વિદ્યાર્થીઓને આપીને GCASના એડમિશનના નીતિ નિયમો મુજબ તેમજ એલએલ.બી./એલએલ.એમ. મધ્યસ્થ પ્રવેશ સમિતિ દ્વારા આપવામાં આવેલ માહિતી પુસ્તિકાની અંતર્ગત તેમજ યુજીસીના નિયમો મુજબ પ્રવેશ પ્રક્રિયા જે તે એલએલ.એમ. પીજી સેન્ટરે પૂર્ણ કરવાની રહેશે. જેમાં નીચે મુજબની બાબતોનું જે તે એલએલ.એમ. પીજી સેન્ટરોએ ચોક્કસાઈ પૂર્વક ધ્યાન રાખવાનું રહેશે.

૧) એડમિશન લેવા આવનાર દરેક વિદ્યાર્થીની GCAS પોર્ટલ ઉપર અપલોડ કરેલ ઓરિજનલ માર્કશીટ તેમજ તેને લાગતા અસલ દસ્તાવેજી પુરાવાઓ વિદ્યાર્થી પાસેથી રૂબરૂ ખરાઈ કરવા ના રહેશે.
૨) વિદ્યાર્થી પાસેથી GCAS પોર્ટલ ઉપર અપલોડ કરેલા દરેક કાગળોની સ્વપ્રમાણિત નકલ કોલેજે પોતાની પાસે લેવાની રહેશે. (ઓરીજનલ ડોક્યુમેન્ટ્સ કોઈ કોલેજે વિદ્યાર્થી પાસેથી લેવાના નથી.)
૩) માહિતી પુસ્તિકામાં આપેલ એનેક્ષર - ૨ મુજબનું સોગંદનામું જો વિદ્યાર્થીને અભ્યાસમાં ગેપ રહેલ હોઈ તો જ લેવાનું રહેશે.
૪) એડમિશનની પ્રક્રિયા પૂર્ણ થતા વિદ્યાર્થી પાસેથી ઓટીપી મેળવીને તેનો પ્રવેશ GCAS પોર્ટલ ઉપર કન્ફર્મ કરવાનો રહેશે.
૫) GCAS પોર્ટલ મારફત વિદ્યાર્થીઓને પ્રવેશ ઓફર કરવા માટે કોલેજે કરવાની કામગીરીની બુકલેટ પ્રમાણે દરેક કોલેજે વિદ્યાર્થીઓના એડમિશન કન્ફર્મ કરવાનાં રહેશે.

**નોંધ :** ઉપરોક્ત બાબતોનું એલએલ.એમ. ના એડમિશન પ્રક્રિયામાં વિદ્યાર્થીઓનું પ્રવેશ અંગેની લાયકાત તેમજ લાયકાત અંગેના દસ્તાવેજી પુરાવાઓની ખરાઈ કોલેજે કરીને પ્રવેશ આપવાનો રહેશે. જો કોઈ બિન લાયકાત વાળા વિદ્યાર્થીને કોલેજ એડમિશન કન્ફર્મ કરશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે કોલેજ ની રહેશે.

**Chairman**
**LL.B./LL.M. Central Admission Committee**
**Bhakta Kavi Narsinh Mehta University**
**Junagadh**

બિડાણ:
૧) એલએલ.બી./એલએલ.એમ. મધ્યસ્થ પ્રવેશ સમિતિ ની માહિતી પુસ્તિકા
૨) GCAS પોર્ટલ ઉપર વિદ્યાર્થીને પ્રવેશ ઓફર કરવા માટેની માહિતી.

નકલ રવાના:
૧) GCAS આઈ.ટી.સેલ, ગાંધીનગર
૨) રજીસ્ટ્રારશ્રી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી, જુનાગઢ.
૩) આઈ.ટી.સેલ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી, જુનાગઢ.

એલએલ.બી./એલએલ.એમ. મધ્યસ્થ પ્રવેશ સમિતિ
સરનામું: એન.આર. વેકરીયા માસ્ટર ઓફ લો કોલેજ - બિલખા રોડ, જુનાગઢ
E-mail Id: llb.bknmu.jnd@gmail.com